# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** | **16 Languages** | **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

VOL: XXVII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 MARCH | NO: 01


### પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

**ગીતશાસ્ત્ર ૧૯:૧-૯**

૧. આકાશો દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે; અને અંતરિક્ષ તેના હાથનું કામ દર્શાવે છે.

૨. દહાડો દહાડાને તેના વિષે કહે છે. અને રાત રાતને તેનું જ્ઞાન પ્રગટ કરે છે.

૩. વચન નથી અને શબ્દો પણ નથી; અને તેઓની વાણી સંભળાતી નથી.

૪. તેઓનો વિસ્તાર આખી પૃથ્વીમાં છે, અને "જગતના છેડા સુધી તેઓની સાક્ષી પસરેલી છે. તેઓમાં તેણે સૂર્યને સારુ મંડપ ઊભો કર્યો છે.

૫. તે પોતાના ઓરડામાંથી નીકળતા વરરાજા જેવો છે, તે બળવાન માણસની પેઠે પોતાની શરત દોડવામાં આનંદ માને છે.

૬. આકાશને એક છેડેથી તે નીકળી આવે છે, અને તેનું પરિક્રમણ તેના બીજા છેડા સુધી છે; તેની ઉષ્ણતા વગર કોઈ રહી જતું નથી.


૭. યહોવાનો નિયમ સંપૂર્ણ છે, તે આત્માને તાજો કરે છે; યહોવાની સાક્ષી વિશ્વાસપાત્ર છે, તે અબુદ્ધને બુદ્ધિમાન કરે છે.

૮. યહોવાના વિધિઓ યથાર્થ છે, તેઓ હૃદયને આનંદ આપે છે; યહોવાની આજ્ઞા નિર્મળ છે, તે આંખોને પ્રકાશ આપે છે.

૯. યહોવાનું ભય શુદ્ધ છે, તે સર્વકાળ ટકે છે; યહોવાના ઠરાવો સત્ય તથા તદ્દન ન્યાયી છે.

# યશાઈના ઠૂંઠામાંથી

## STUMP OF JESSE!




***માનદ મુખ્ય સંપાદક રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી***




**ઈકો ઓફ હીજ કોલ**ના મારા સઘળાં વિસ્તૃત પરિવારોને આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં શુભેચ્છાઓ!

હું યશાયાના પુસ્તકનો ૧૧મો અધ્યાય વાંચતી હતી, જે ઈસુ ખ્રિસ્તના સેવાકાર્યને લગતી તેમની ભવિષ્યવાણી માટેનો એક જાણીતો અધ્યાય છે. જો કે, મેં મારી જાતને એક ખાસ કલમ તરફ ધ્યાન દોરતા જોઈ:

**"યશાઈના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે, ને તેની જડમાંથી ઊગતી એક ડાળીને ફળ આવશે."**

યશાયા ૧૧:૧.

### ઠૂંઠું !:

ઠૂંઠું એ શબ્દ તરફ મારું ધ્યાન ખેંચાયું હતું. ઠૂંઠું એટલે ચોક્કસ શું? એક ઠૂંઠું ટૂંકા જીવનને રજૂ કરે છે, એક વખત વિકસિત અસ્તિત્વનો અચાનક અંત. તે પતનનું પ્રતીક છે, એક સમયે વિકસિત વસ્તુનો અવશેષ - જ્યારે સમૃદ્ધિ વધતી અટકી જાય ત્યારે જે બાકી રહે છે. તે અંતિમતાનું ચિત્ર છેઃ નિર્જીવ, બાકી બચેલું અને મોટે ભાગે ભવિષ્ય વિનાનું. એક ઠૂંઠું જે હતું તેનો અંત ચિહ્નિત કરે છે, સડી જવાનું અને આખરે અદૃશ્ય થઈ જવાનું બતાવે છે.


(અનુસંધાન પાન ૩ પર)





**ઈકો ઓફ હીજ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

**★ Please Subscribe and Share ★**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





**“તમે આપણા દેવ યહોવાને મોટો માનો, અને તેના પાયાસન પાસે ભજન કરો; તે પવિત્ર છે.” –ગીતશાસ્ત્ર ૯૯:૫**

ખ્રિસ્તમાં પ્રિય વહાલાઓ!

પ્રભુ આ વર્ષના પ્રથમ બે મહિનામાં કૃપાળુ રીતે આપણને દોરી લઈ ગયા છે. અમે તેમને સર્વ માન, મહિમા આપીએ છીએ અને તેમની સ્તુતિ કરીએ છીએ. મુખ્ય ચર્ચમાંના અને કાર્યાલયમાંના આપણી મિનિસ્ટ્રીના દરેક પાસા પર તેમના ભરપૂર આશીર્વાદો માટે અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ.

અમે સંથોષપુરમ, ચેપોક તથા વેલાચેરીમાં આવેલી **નહેમ્યા બાઈબલ કોલેજો** માટે તેમજ નિવાસી **હિન્દી નહેમ્યા બાઈબલ કોલેજ** માટે નમ્રતાપૂર્વક તમારી પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ. આજના જમાનામાં, સેવાકાર્ય માટે, મિનિસ્ટ્રી માટે પ્રતિબદ્ધ વ્યક્તિઓને શોધવાનું વધુને વધુ પડકારજનક છે. તેથી, સમર્પિત વિદ્યાર્થીઓ માટે તમારી પ્રાર્થનાઓની ખૂબ જરૂર છે.

અમારા માસિક સામયિકો ૧૬ વિવિધ ભાષાઓમાં પ્રકાશિત થાય છે અને મોટે ભાગે વિના મૂલ્યે વિતરિત કરવામાં આવે છે. જો કે, યુવા પેઢીમાં છાપેલું સાહિત્ય વાંચવાનો રસ ઝડપથી ઘટી રહ્યો છે. અમે તમને તમારા સંબંધીઓ અને મિત્રોને **ઈકો ઓફ હીજ કોલ**ને પરિચિત કરવા, અમને વધુ લોકો સુધી પહોંચવામાં મદદ કરીને અમને ટેકો આપવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.

ઈશ્વરની કૃપાથી, અમે અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલુગુમાં યુટ્યુબ પર દરરોજ **ઈકો ઓફ હીજ કોલ**ના ભક્તિમય સંદેશાઓને પ્રસારિત કરવામાં સક્ષમ થયા છીએ. આ ઉપરાંત, અમારી રવિવારની ભજનસેવાઓનું **ઈકો ઓફ હીજ કોલ**ના યુટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. અમે તમને તે જોવા અને આશીર્વાદિત થવા માટે આમંત્રણ આપીએ છીએ.

કૃપા કરીને તમારી પ્રાર્થનામાં જુવાનો અને બાળકો માટેના અમારા **વૈશ્વિક મિનિસ્ટ્રી** (Global Vision for Youth and Kid Care Ministry - GVYKC) માટેના દર્શનને યાદ રાખશો. તમે પણ, વિના મૂલ્યે આ મિનિસ્ટ્રીમાં જોડાઈ શકો છો. ફક્ત દરરોજ રાત્રે ૧૦:૦૦ વાગ્યે તમારા સંબંધિત સ્થાનેથી વિશ્વભરના જુવાનો અને બાળકો માટે પ્રાર્થના કરવા માટે પ્રતિબદ્ધ થાઓ. તમારા મોબાઈલ ફોનમાં એક યાદ કરવા માટે એલાર્મ મૂકો અને પ્રાર્થના કરો:

***“હે પ્રભુ, દુનિયાભરના સર્વ જુવાનો, યુવતીઓ, અને બાળકોને યાદ રાખો.”***

જ્યારથી આ મિનિસ્ટ્રી બે વર્ષ પહેલાં શરૂ થઈ છે , ત્યારથી ઘણા લોકો તેમાં જોડાયા છે અને ઈશ્વરે તેમને ભરપૂરપણે આશીર્વાદિત કર્યા છે. જો તમે ભાગ લેવા માંગતા હો, તો કૃપા કરીને અમને જણાવશો.

અમે નીચે જણાવેલ મિનિસ્ટ્રીજોને માટે પણ તમારી પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ, જે ઈશ્વરની કૃપાથી સારી રીતે ચાલે છે :

“**સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ,** સુવાર્તા છાપખાનું, તામિલ, અંગ્રેજી અને હિન્દીમાં ચાલતા **બાઈબલકોર** (બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ).

અમે તમારી ઉત્સાહી પ્રાર્થનાઓ માટે અને નાણાંકીય સહાયને માટે ખૂબ આભારી છીએ. આવો ઈશ્વર, તેમની દયામાં તમને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરો!

My son, Pastor Alex Samson Sam, entered the Kingdom of the Lord on February 13th, 2025.

ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો,

**પાળક એસ. સામ સેલ્વરાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : sam@echoofhiscall.org

## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF

Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

HON. MANAGING EDITOR

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER

Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM., MBA.

ADMINISTRATION

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD

Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.



EDITOR, PUBLISHER & PRINTER

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers



10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

E.MAIL

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

YOUTUBE CHANNEL

Echo of His Call

## કૃપા કરીને ધ્યાન આપો....

અમારા પાંચ મિનિટના **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

(પાન ૧થી આગળ...)

આ કલમ દાઉદના શાહી વંશનો સંદર્ભ આપે છે, એક બચેલો શેષ - એક ઠૂંઠ. અવશેષો કે શેષ એ બચી ગયેલા હોય છે, જેમણે કસોટીઓ સહન કરી છે, મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે અને અડગ રહ્યા હતા. યશાયા ૧૧:૧ એ ઈશ્વર તેમના વિશ્વાસુ બચેલા શેષ માટે શું કરવા માગે છે તેનું વચન છેઃ જે લોકો તેમને દરેક તોફાનમાં વળગી રહ્યા છે, ઈસુ ખ્રિસ્તના પાયા પર મક્કમતાથી ઊભા રહ્યા છે.

ઈશ્વરની મૂળ યોજના હતી કે દાઉદ તથા તેના વંશજો સદાકાળને માટે રાજ્યાસન પર બેસે અને રાજ કરે. તેમ છતાં, ઈતિહાસ અલગ વાત કહે છે. ૨ રાજાઓના પુસ્તકના ૨૪ અને ૨૫મા અધ્યાયમાં, સિદકિયા (જેના નામનો અર્થ થાય છે ઈશ્વરની ભેટ), જે યહૂદિયાનો છેલ્લો રાજા હતો, તેને નબૂખાદનેસ્સારે પકડી લીધો હતો, એમ દાઉદના શાહી વંશની સત્તાનો સ્પષ્ટ અંત લાવ્યો હતો. લગભગ ૬૦૦ વર્ષો સુધી, ઈસ્રાએલમાં કોઈ રાજા નહોતો.

આ ચૂપકીદીના સમયગાળા દરમિયાન, એવું લાગતું હતું કે ઈશ્વર તેમના વચનને ભૂલી ગયા છે. પણ ઈશ્વર અવિશ્વાસુ નહોતા; તેઓ તેમના નિયુક્ત સમયની રાહ જોતા હતા. ઈસ્રાએલના લોકો યહૂદીઓના રાજાના આવવાની મોટી અપેક્ષા સાથે રાહ જોતા હતા. અને પછી, સમયની સંપૂર્ણતામાં, ઈશ્વરે જાહેર કર્યું કે યશાઈના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે.

### ઠૂંઠું !

એક મૃતપ્રાય ઠૂંઠાંમાંથી જીવન કેવી રીતે પાંગરી શકે? તે અશક્ય લાગતું હતું. પણ ઈશ્વરની સાથે, સૌથી નિરાશાજનક પરિસ્થિતિઓને પણ પુનર્જીવિત કરી શકાય છે. જ્યાં ઈસ્રાએલનો અંત આવી ગયો હોય એમ લાગતું હતું - તેનું શકિતશાળી રાજ્ય નિર્જીવ શેષમાં ઘટી ગયું હતું- ઈસુ ખ્રિસ્તના જન્મ દ્વારા ઈશ્વરના વચનની પરિપૂર્ણતા માટે એક તખતો તૈયાર થઈ ગયો હતો.

ઈસ્રાએલીઓની અપેક્ષાઓથી વિપરીત, જેમણે મસીહાની કલ્પના તેમના પર જુલમ કરનારાઓને ઉથલાવવા તૈયાર એવા પરાક્રમી અને સામર્થ્યવાન રાજા તરીકે કરી હતી, ઈસુ નમ્રતાપૂર્વક આવ્યા, એક ગભાણમાં જન્મ લીધો હતો. કેટલીકવાર, ઈશ્વરના વચનો તે રીતે પ્રગટ થાય છે જે માનવીય અપેક્ષાઓને અવગણે છે. છતાં, તેમની યોજનાઓ હંમેશાં સંપૂર્ણ હોય છે.

**યશાઈના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે - નવું જીવન, આશા અને પુનઃસ્થાપનાનું પ્રતીક.**

### ઠૂંઠાં પર પ્રતિબિંબ!

ઠૂંઠામાંથી ફણગો ફૂટવાની કલ્પના પર મનન કરવા માટે આપણે આદ્યાંત્યાક્ષરબંધ કવિતા અથવા કૃત્તિના ''ઠૂંઠાં'' નો ઉપયોગ કરી શકીએ છીએ.

### વચનોનો સ્રોત!

**1. SOURCE OF PROMISES!**

આપણા ઈશ્વર વચનની ખાતરી આપનાર ઈશ્વર છે. તેઓ કરાર કરે છે અને તેમના વચનથી ક્યારેય પાછા ફરી જતા નથી. જ્યારે આપણો પાયો તેમના વચનોની ખાતરીઓ પર બાંધવામાં આવે છે, ત્યારે આપણે વિજેતા કરતા કંઈક વધારે છીએ કારણ કે તેમના વચનો ઈસુ ખ્રિસ્તમાં ''હા'' અને ''આમીન'' છે. ઈશ્વર તેમના વચનો ક્યારેય ભૂલી જતા નથી. તેઓ તેના વચનોને, અણધારી મોસમોમાં પણ પરિપૂર્ણ કરે છે, કેમ કે તેઓ એક વિશ્વાસુ વચનના પાળનાર છે.

તેમણે દાઉદને પોતાનું વચન આપ્યું હતું : **''તારું કુટુંબ તથા તારું રાજ્ય તારી આગળ સદા અવિચળ થશે; તારું રાજ્યાસન સદાને માટે કાયમ થશે.''** ૨ શમુએલ ૭:૧૬.

એક સમય માટે, એવું લાગતું હતું કે તેઓ પોતાનું વચન ભૂલી ગયા છે, કેમ કે રાજ્યાસન પર બેસવા માટે દાઉદના વંશમાંથી કોઈ રાજા નહોતો. જો કે, એક અણધારી ક્ષણે ઈશ્વરનું વચન પરિપૂર્ણ


**Statement about ownership and other particulars about the Newspaper Echo of His Call (Gujarati) - Form IV (See Rule 8)**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | **New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai - 600 005.** |
| 2. Periodicity | : | **Monthly** |
| 3. Printer, Editor, Owner & Publisher | : | **S. Sam Selva Raj** (Same Address) |
| 4. Nationality | : | **Indian** |

I, **S. Sam Selva Raj** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**March 2025** **S. Sam Selva Raj.**

થતા એક ઠુંઠામાંથી એક જડ બહાર આવી હતી.

**"જે જે મેં તને કહ્યું છે, તે પૂરું કર્યા વગર હું તને નહિ મૂકીશ."** ઉત્પત્તિ ૨૮:૧૫.

ઉત્પત્તિ ૨૨માં, ઈશ્વરે ઈબ્રાહિમને વચન આપ્યું હતું કે તેના વંશજો આકાશના તારાઓ જેટલા અસંખ્ય હશે. જો કે, ઈશ્વરે ઈબ્રાહિમના વિશ્વાસની ચકાસણી



*ઈશ્વરે વચન આપ્યું હતું કે ઈબ્રાહિમના વંશજો તારાઓ જેટલા અસંખ્ય હશે.*

કરવા માટે તેના પુત્ર ઈસહાકનું બલિદાન આપવા માટે કહ્યું હતું, જે વચનનો પુત્ર હતો. જ્યારે ઈબ્રાહિમે છોકરાને મારવા માટે છરો ઉગામ્યો હતો, તેજ સમયે, ઈશ્વરે તેને બદલે અવેજીમાં બલિદાનને માટે એક ઘેટું પૂરું પાડ્યું હતું. આ વાર્તા દર્શાવે છે કે ઈશ્વર તેમના વચનોને નીભાવી રાખવા માટે વિશ્વાસુ છે, જ્યારે સંજોગો અશક્ય હોય એમ લાગે. આજે જ તેમના વચનોની ખાતરીઓનો દાવો કરો. !

## H→ આશા પુનઃસ્થાપિત થઈ હતી!
## 2. HOPE RESTORED!

ઈસુ ખ્રિસ્તનો સંદેશો એક આશા છે – નિરાશાજનક પરિસ્થિતિઓમાં પણ દરેક માટે આશા છે. વિશ્વભરમાં, ઘણા લોકો સંઘર્ષ કરી રહ્યા છે કારણ કે તેઓએ તેમના સંબંધો, નાણાકીય બાબતો, ભવિષ્ય, નોકરીઓ અને સૌથી અગત્યનું, પોતાનામાંની આશા ગુમાવી દીધી છે. શુભ સમાચારો એ છે કે ઈસુ ખ્રિસ્ત નિર્જીવ પરિસ્થિતિઓમાં આશાને પુનઃસ્થાપિત કરે છે.

જેમ કોઈ મૃત ઠુંઠામાંથી જડ બહાર આવી શકે છે, તેમ ઈસુ ખ્રિસ્ત નિર્જીવ પરિસ્થિતિઓને નવા જીવનના સ્ત્રોતોમાં પરિવર્તિત કરે છે. ઈસુના જન્મના કેન્દ્રિય સંદેશાઓમાંથી એક આ છેઃ આશા. ઠુંઠામાંથી, એક સમયે જે નિર્જીવ હતું અને જેમાં કોઈ આશા નહોતી, તેમાં જડ ઉગશે – એક નવું જીવન!

આ ઠૂંઠું, એક સમયે જે ફૂલો, પાંદડાઓથી ભરપૂર એવું લીલું ઝાડ હતું, પક્ષીઓ તેની ડાળીઓમાં માળો બાંધતા હતા અને જે છાંયો અને સંરક્ષણ આપતું હતું, તે હવે તૂટેલું, ખાલી અને નિર્જીવ છે. તે નકામું લાગે છે, હેતુ વિના, અને સડી જવાનું હોય એવું લાગે છે. છતાં, આ ઉજ્જડતામાંથી, એક જડ ફૂટી આવે છે – જીવનથી ભરપૂર એક નવી ડાળી.



*સારફથની વિધવા લાકડીઓ વીણતી હતી!*

ભયંકર દુકાળ દરમિયાન, સારફાતની વિધવા પોતાને માટે અને તેના પુત્રને માટે, તેઓ મરી જાય તે પહેલાં છેલ્લું ભોજન તૈયાર કરવા માટે લાકડીઓ વીણી રહી હતી. એલિયાની વિનંતી પર, તેણીએ તેને માટે એક રોટલી બનાવવા માટે તેની પાસે જે થોડો લોટ અને તેલ બચ્યું હતું, તેનો ઉપયોગ કર્યો હતો. ચમત્કારિક રીતે, ઈશ્વરે તેણીના ઘરનાંને પૂરું પાડ્યું હતું, ત્યાં સુધી માટલીમાંનો લોટ અને કુંડીમાંનું તેલ ખૂટી ગયા નહોતા.

આ વાર્તા (૧ રાજાઓ ૧૭: ૭-૧૬) દર્શાવે છે કે ઈશ્વર કેવી રીતે સૌથી ભયાવહ પરિસ્થિતિઓમાં આશા અને જીવનનિર્વાહને પુનઃસ્થાપિત કરે છે, જેમ એક નિર્જીવ ઠુંઠામાંથી જડ ફૂટી હતી તેમ.

તમારી પરિસ્થિતિ કેટલી પણ નિરાશાજનક લાગે તે મહત્વનું નથી, ઈસુ પર ભરોસો રાખો. તેઓ વચનો અને આશાના પુનઃ સ્થાપનાના સ્રોત છે.

### ઈશ્વરની પૂનઃસ્થાપના અને નવી શરૂઆતો!

**ઈશ્વર આશાને પૂનઃસ્થાપિત કરે છેઃ**

ઈશ્વર આપણા જીવનોમાં આવું જ કરી શકે છે જેમ તેમણે બીજાઓ માટે કર્યું – નિરાશાજનક પરિસ્થિતિઓને આનંદ અને પુનઃસ્થાપનાના સ્રોતોમાં પરિવર્તિત કરવી. જેમ તે વિધવા તેણીની મુશ્કેલીઓ ઈશ્વરના પગ આગળ લાવી હતી આપણે પણ આપણા બોજાઓ ઈસુ ખ્રિસ્તને સોંપી દેવા જોઈએ. જ્યારે આપણે તેમને બધું આપી દઈએ છીએ, ત્યારે તેઓ આપણા દુઃખને આનંદમાં ફેરવી નાખે છે અને આપણી આશાને પૂનઃસ્થાપિત કરે છે. આપણે વિચારીએ છીએ કે આપણી આશા ખોવાઈ હતી તેને પણ ઈસુ ખ્રિસ્તના નામે નવી કરી શકાય છે.

## O→ ખોટને, નુકસાનને દૂર કરનારા!
## 3. OVERCOMER OF LOSS!

ઈશ્વર આપણને આપણા સંજોગોનો ભોગ ન બનવા માટે પણ તેને દૂર કરનારા તરીકે ઉભા થવા કહે છે. આ વર્ષ તમારા માટે અથવા જે ભાર તમે હજી પણ ભૂતકાળમાંથી ઊંચકીને લઈ જઈ રહ્યા છો તેને ધ્યાનમાં લીધા વિના, આ યાદ રાખોઃ ઈસુ ખ્રિસ્ત જે ભાંગી ગયેલું છે અથવા ખોવાઈ ગયું છે તેને પુનઃસ્થાપિત કરે છે. તેઓ પિતા સાથે આપણું સમાધાન કરે છે કેમ કે તેઓ પુનઃસ્થાપના અને સમાધાનના ઈશ્વર છે.

તમે જે ગુમાવ્યું છે તે મહત્વનું નથી – પછી ભલે તે આજ્ઞાભંગતા, પાપ અથવા ઈશ્વરથી દૂર રહેવા વિશે હોય – તેઓ તેને પુનસ્થાપિત કરી શકે છે. જો તેમણે તેમના બલિદાન દ્વારા પિતા સાથેના આપણા

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ માર્ચ ૨૦૨૫ થી ૧૮ એપ્રિલ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**માર્ચ ૧૯** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરના આશીર્વાદને માટે.

**માર્ચ ૨૦** : મિશનરીઓ અને તેમના પરિવારો દૂરસ્થ વિસ્તારોમાં ઈશ્વરના કાર્યમાં રોકાયેલા છે.

**માર્ચ ૨૧** : વિશ્વભરમાં જેઓ બાઇબલ અને ખ્રિસ્તી સાહિત્ય છાપવામાં સામેલ છે તેમની જરૂરિયાતોને પહોંચી વળવા માટે.

**માર્ચ ૨૨** : અમને એવા ભાગીદારો પૂરા પાડ્યા છે કે જેઓ તેમની વ્યક્તિગત જરૂરિયાતો વચ્ચે પણ, અમારી મિનિસ્ટ્રીઓને નાણાંકીય રીતે ટેકો આપે છે.

**માર્ચ ૨૩** : અમારા **ઈકો ઓફ હીઝ કોલ**ના સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યોને આશીર્વાદિત કરવા માટે.

**માર્ચ ૨૪** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને દૈવી સુરક્ષા તથા સારી તંદુરસ્તીથી આશીર્વાદિત કર્યા તે માટે.

**માર્ચ ૨૫** : અમને મિશનરીઓને નાણાંકીય અને પ્રાર્થના સહાયતા પૂરી પાડી છે તે માટે.

**માર્ચ ૨૬** : અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ**ની તમામ પ્રવૃત્તિઓને માટે.

**માર્ચ ૨૭** : મજબૂત ખ્રિસ્તી સિદ્ધાંતોના આધારે મિશનરીઓ દ્વારા સ્થાપિત શાળાઓ સાથે વિશ્વને આશીર્વાદિત કર્યા તે માટે.

**માર્ચ ૨૮** : ૧૯૬૯થી ચાલતી આપણી સામયિક મિનિસ્ટ્રી માટેની અમારી પ્રતિબદ્ધતા પરના તેમના ભરપૂર આશીર્વાદોને માટે.

**માર્ચ ૨૯** : અમને **ઈકો ઓફ હીઝ કોલ**ના યુટ્યુબ ચેનલને માટે નવા લવાજમધારકો સાથે આશીર્વાદિત કર્યા તે માટે.

**માર્ચ ૩૦** : અમારી જુવાનો તથા બાળકો માટેની **વૈશ્વિક દર્શનની મિનિસ્ટ્રીજ**ને દર્શન આશીર્વાદિત કરવા માટે.

**માર્ચ ૩૧** : અમારા રાજ્ય કોઓર્ડિનેટરોને તથા તેમના કુટુંબીજનોને આશીર્વાદિત કરવા માટે.

**એપ્રિલ ૦૧** : બધા દેશો પર દૈવી રક્ષણને માટે, ખાસ કરીને અંધાધૂંધી અને યુદ્ધના ડર વચ્ચે, શાંતિ અને સ્થિરતાની વિનંતી કરવા માટે.

**એપ્રિલ ૦૨** : રાજકીય અને ધાર્મિક વિરોધ વચ્ચે આપણા ખ્રિસ્તી મિનિસ્ટ્રીજોને સહાયતા પૂરી પાડવા માટે.

**એપ્રિલ ૦૩** : અમારી બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમારા વડીલ પાળકની પ્રતિબદ્ધતાને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**એપ્રિલ ૦૪** : અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**ના જે વિદ્યાર્થીઓ ૧૦મા ધોરણની તેમની સરકારી પરિક્ષાઓ આપી રહ્યા છે તેમને માટે.

**એપ્રિલ ૦૫** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અમારી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે લાયક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**એપ્રિલ ૦૬** : અમારા અમારા વડીલ પાળક એસ. સેમ સેલ્વા રાજને તેમના બહુવિધ મિનિસ્ટ્રીજો માટે દર્શન આપવા માટે.

**એપ્રિલ ૦૭** : બાળકો અને જુવાનોને માદક દ્રવ્યના વ્યસનથી રક્ષણ પૂરું પાડવા માટે.

**એપ્રિલ ૦૮** : વિશ્વભરમાંના બાળકો અને જુવાનોને વધતી ખરાબ ટેવોથી રક્ષણ આપવા માટે.

**એપ્રિલ ૦૯** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**એપ્રિલ ૧૦** : વિશ્વભરમાંથી બાળ તસ્કરી નાબૂદ થાય તે માટે.

**એપ્રિલ ૧૧** : વિશ્વભરમાંની મંડળીઓમાં ધર્મ જાગૃતિ આવે તે માટે.

**એપ્રિલ ૧૨** : સર્વ દેશોના રાષ્ટ્રપતિઓ, વડા પ્રધાનો, મુખ્ય પ્રધાનો અને તમામ દેશોના સંસદ સભ્યોને માટે.

**એપ્રિલ ૧૩** : વિશ્વભરના જુવાનો અને બાળકો ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારણહાર તરીકે સ્વીકારે તે માટે.

**એપ્રિલ ૧૪** : વિશ્વભરના લોકોની જરૂરિયાતોને માટે.

**એપ્રિલ ૧૫** : સર્વ દેશો બધા પાસાઓ અને આયોજનમાં એકતા, પ્રગતિ અને શાંતિનો અનુભવ કરે તે માટે.

**એપ્રિલ ૧૬** : અમારા સમર્થકો, શુભેચ્છકો અને મિત્રો કે જેઓ પ્રાર્થના અને નાણાંકીય સહાય દ્વારા અમારી મિનિસ્ટ્રીજોને સમર્થન આપે છે, આશીર્વાદિત અને મજબૂત થવા માટે.

**એપ્રિલ ૧૭** : અમારા મુખ્ય અને શાખા ચર્ચોમાંની અમારી શુભ શુક્રવારની અને ઈસ્ટરની ભજનસેવાઓને માટે.

**એપ્રિલ ૧૮** : વૈશ્વિક આર્થિક મંદીનો અંત આવે તે માટે, જેથી અસરગ્રસ્ત લોકોને રાહત મળે.

(પાન ૪ પરથી આગળ...)



*ઈશ્વરે અયૂબને અગાઉ હતું તે કરતાં બમણું આપ્યું!*

સંબંધોને પુનઃસ્થાપિત કર્યા હતા, તો તેઓ આપણા જીવનોના અન્ય પાસાઓને કેટલા વધારે પુનઃસ્થાપિત કરશે? ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પામ્યા જેથી આપણે ઈશ્વરની સાથે સમાધાન કરી શકીએ. તમે જે પણ ગુમાવ્યું છે, તેમના વચનનો દાવો કરો અને તેમને પુનઃસ્થાપિ કરવા માટે તેમના પર ભરોસો રાખો.



*દાઉદે સઘળું પાછું મેળવ્યું હતું*

જો ઈશ્વર કોઈ મૃત, નિર્જીવ ઠૂંઠામાંથી જીવન લાવી શકે છે, તો તેઓ તમારા અને મારા માટે કેટલું બધું વધારે કરી શકે છે? અયૂબના પુસ્તકના ૪૨મા અધ્યાયમાંની અયૂબની વાર્તાનો વિચાર કરો : તેણે બધું ગુમાવી દીધું હતું- તેના બાળકો, સંપત્તિ અને આરોગ્ય. છતાં, તેની તીવ્ર વેદના વચ્ચે પણ, અયૂબ વિશ્વાસુ રહ્યો હતો. અંતમાં, ઈશ્વરે તેનું બધું પુનઃસ્થાપિત કર્યું હતું, તેને પહેલા કરતા જેમ બમણું આપ્યું હતું. આ દર્શાવે છે કે ઈશ્વર એક પુનઃસ્થાપક છે જેઓ અકલ્પનીય નુકસાન પછી પણ આશીર્વાદ આપે છે.

એ જ રીતે, ૧ શમુએલ ૩૦માં આપણે જોઈએ છીએ કે દાઉદે અમાલેકીઓ સામે બધું ગુમાવી દીધું હતું. નિરાશ થવાને બદલે, તેણે યહોવા પ્રભુમાં બળ માગ્યું હતું અને બધું પાછું મેળવ્યું હતું. આવો તમે જે બધું ગુમાવ્યું છે તે બધું પુનઃસ્થાપિત કરો – બધું.

## નવી શરૂઆતને ઉઘાડનાર!

## 4. OPENER OF NEW BEGINNINGS!



બાઈબલ આપણને ખાતરી આપે છે કે ઈશ્વરની પાસે આપણ દરેકને માટે યોજના છે – આપણને આશા અને ભવિષ્ય આપવાની યોજના. આપણને તેમની હથેલી પર કોતરી લેવામાં આવ્યા છે. જો કે, જીવન ક્યારેક અણધારી રીતે વળાંક લઈ શકે છે, અને આપણે માર્ગમાં ખોવાઈ ગયેલા હોય એવું અનુભવી શકીએ છીએ.

ઈસુ ખ્રિસ્તની સુંદરતા એ છે કે તેઓ ફરી બીજી તકો આપનાર પ્રભુ છે. જ્યારે આપણે ભૂલો કરીએ છીએ, ત્યારે પણ તેઓ આપણી અવ્યવસ્થા, ભૂલોમાંથી કંઈક સુંદર બનાવી શકે છે. જેમ રોમનોને પત્ર ૮:૨૮ કહે છે, **"જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે."**

તેઓ નવા દ્વારો અને નવી શરૂઆતને ઉઘાડનારા છે. હું પ્રાર્થના કરું છું કે જ્યારે તમે આ વાંચશો, ત્યારે નવી તકો ઊભી થશે, અને નવી શરૂઆતો તમારા જીવનમાં આવશે. ઈસુ ખ્રિસ્ત આપણને ભરપૂર પ્રમાણમાં હેતુ પૂરો પાડવા અને જીવન આપવા માટે આવ્યા હતા. તમારા જીવનને પ્રાર્થનામાં તેમને સમર્પિત કરો, અને તેઓ સર્વ બાબતોને નવી બનાવશે.

ઈશ્વરે જીવનનું સર્જન કર્યું હતું જ્યાં કંઈ ન હતું, નિરાશાને નવી શરૂઆતમાં પરિવર્તિત કર્યું હતું. એક જડ – નવા જીવનનું પ્રતીક – જે એક સમયે મૃત લાગ્યું હતું તેના ઠૂંઠામાંથી ફૂટી આવશે. ઈશ્વર પાસે નિર્જીવ સ્થળોમાં જીવન લાવવાનું સામર્થ્ય છે. હઝકિયેલના પુસ્તકનો ૩૭મો અધ્યાય આપણને સૂકા હાડકાં સાથે વાત કરવાની



*હઝકિયેલે સૂકા હાડકાંથી ભરેલી ખીણનું દર્શન જોયું હતું*

(આગળ પાન ૯ પર...)

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE REACHING NATIONS

**નહેમ્યા બાઈબલ કોલેજો**

લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

પ્રવેશ માટે ઝડપ કરશો!

**ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા**

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૫ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્વારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

**"જે કોઈ યહોવા પર વિશ્વાસ રાખે છે તેને ધન્ય છે."** નીતિવચનો ૧૬:૨૦.

મારા સેવાકાર્યના પ્રારંભિક વર્ષો પછી, વિદેશી દેશોમાં ખ્રિસ્તી સેવકો કેવી રીતે તેમનું આત્મિક જીવન જીવે છે, અને વિદેશી દેશોમાં સેવાકાર્યો કેવી રીતે ચલાવવામાં આવે છે તે વિશે જાણવાની મારામાં એક ઊંડી કુતૂહલવૃત્તિ વિકસિત થઈ હતી. તે સમયે, જો કે, મારી પાસે નાણાંકીય સંસાધનો, લોકોનું સમર્થન અને પૂરતી આત્મિક ક્ષમતાઓનો અભાવ હતો.

મારા પોતાના આશ્ચર્ય વચ્ચે, મને ૧૯૮૯માં મારી રોજનીશીમાં લખવાની હિંમત મળી હતી કે હું તે વર્ષના ઓગસ્ટ મહિનામાં મલેશિયા દેશની મુલાકાત લઈશ. હું ટૂંક સમયમાં તેના વિશે ભૂલી ગયો હતો અને લગભગ ત્રણ મહિના સુધી આ વિચાર ફરી મને આવ્યો નહોતો. એક દિવસ, મેં મારી રોજનીશી જોઈ અને મને મારી યોજનાની યાદ આવી ગઈ. મારી મુલાકાતની સૂચિત તારીખ ઝડપથી નજીક આવી રહી છે તે સમજીને, મેં તેમના વચન પર ભરોસો રાખીને, પ્રાર્થનામાં આ બાબત ઈશ્વર પ્રભુની આગળ લાવ્યોઃ **"કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો."** ફિલિપ્પીઓને પત્ર ૪:૬.

દિવસો અઠવાડિયામાં ફેરવાઈ ગયા, તેમ છતાં કંઈ બન્યું હોય તેવું લાગતું નહોતું. હું મારા મનમાં જાણતો હતો કે મારે માટે વિદેશમાં મુસાફરી કરવા માટે કોઈ સાધન નથી, પણ મારો ઈશ્વરમાંનો વિશ્વાસ દ્રઢ રહ્યો. આ સમય દરમિયાન, હું એક ભાઈને મળ્યો જે વારંવાર સેવાકાર્ય માટે મલેશિયાની મુસાફરી કરતો હતો. મેં તેને મારી ઈચ્છા જણાવી, અને તેણે મને વધુ માર્ગદર્શન માટે ચેન્નાઈમાં તેના ઘરે મુલાકાત લેવા માટે પ્રોત્સાહન આપ્યું.

બીજા દિવસે સવારે, હું તેના ઘરે ગયો. કમનસીબે, તે વ્યસ્ત હતો અને તેણે બીજા દિવસે મને પાછું આવવા માટે કહ્યું. આ આમ એક મહિના સુધી ચાલ્યું. દરેક મુલાકાતે મને સમય આપવો પડતો હતો અને પૈસાનો ખર્ચ કરવો પડતો હતો, અને અંતે મને સમજાયું હતું કે તે મને આ બાબતમાં કોઈ મદદ કરવા માગતો નથી. છેલ્લે, તેણે મને નિર્દયતાથી કહ્યું કે, "તમે મલેશિયા જઈ શકતા નથી. ફક્ત મારા જેવા હોશિયાર અને પ્રતિભાસંપન્ન લોકો જ ત્યાં સેવા આપી શકે છે. મલેશિયામાં કોઈ તમને સ્વીકારશે નહિ. હવે પછી મારી પાસે આવતા નહિ."

તેની નાહિંમત કરવાના પ્રયાસ છતાં, મેં આશા ગુમાવી નહોતી. મેં ઈશ્વરની ઈચ્છા જાહેર થવાની ધીરજથી રાહ જોતા પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું હતું.

બે અઠવાડિયા પછી, જ્યારે હું મારા કાર્યાલયમાં પત્રો વાંચી રહ્યો હતો, ત્યારે મને મલેશિયાથી આવેલો એક પત્ર મળ્યો. તે પાળક દેવરાજુલુ તરફથી હતો, જેઓ ત્યાં સેવાકાર્ય કરી રહ્યા હતા. તેમના શબ્દો નીચે મુજબ હતાઃ

*ખ્રિસ્તમાં મારા વહાલા ભાઈ, ભાઈ સામ સેલ્વરાજ,*

*"હું પુસ્તકોનો શોખીન છું. આજે, મેં એક દુકાનની મુલાકાત લીધી હતી જે જૂના પુસ્તકોનું વેચાણ કરે છે, અને ત્યાં, મને તમારા સામયિક ઈકો ઓફ હીજ કોલની જૂની પ્રત મળી. જ્યારે મેં તેને વાંચવાની શરૂઆત કરી ત્યારે પ્રભુએ મારી સાથે વાત કરી. કૃપા કરીને મને તમારા પહેલાના અંકો પણ મોકલશો; હું તેનો પત્રવ્યવહાર ખર્ચ ઉઠાવીશ. હું તમને વ્યક્તિગત પણ મળવા માગું છું. અહીં આવવાનો તમારો મુસાફરી ખર્ચ, જમવા રહેવાનો ખર્ચ, સર્વ ખર્ચ હું ઉઠાવવા તૈયાર છું. કૃપા કરીને મલેશિયા આવો. તદ્‌ઉપરાંત, હું તમારી મિનિસ્ટ્રીની સેવા આપવા માટે સિંગાપોર અને ઈન્ડોનેશિયા જવાની પણ વ્યવસ્થા કરીશ. અમને તમારા જેવા ઈશ્વરના સેવકોની જરૂર છે."*

*પ્રેમ સહિત, પાળક દેવરાજુલુ.*

હું ઈશ્વરના વિશ્વાસુપણાથી અભિભૂત થઈ ગયો. જેમ મેં મારી રોજનીશીમાં લખ્યું હતું, હું પાળક દેવરાજુલુના આમંત્રણ દ્વારા ઓગસ્ટ ૧૯૮૯માં મલેશિયાની મુલાકાત કરી શક્યો હતો. મેં સિંગાપોર અને ઈન્ડોનેશિયાની મુસાફરી પણ કરી, જ્યાં મેં સેંકડો લોકોને ઉપદેશ આપ્યો, તેમની સાથે પ્રભુ ઈસુ ખ્રિસ્તના દ્વારા પાપ, શાપ અને ગરીબીમાંથી છૂટકારાનો સંદેશો વહેંચ્યો હતો. ઈશ્વરે મને સેવાકાર્ય કરવાના તકનો આશીર્વાદ જ આપ્યો નહોતો, પણ મને તે દેશોમાં ઈશ્વરના ઘણા સેવકો સાથે કાયમી મિત્રતા બાંધવાની પણ મંજૂરી આપી હતી – જે મિત્રતા આજ સુધી ચાલુ રહેલી છે.

ત્યારથી, ઈશ્વરે મારી મિનિસ્ટ્રીની સેવાનો વિસ્તાર કર્યો છે, મને દક્ષિણ આફ્રિકા, અમેરિકા, ઈંગ્લેંડ, સ્કોટલેન્ડ, ફ્રાંસ, જર્મની, સ્વિઝરલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા જેવા દેશોમાં તેમના વચનનો ઉપદેશ આપવા માટે સક્ષમ કર્યો છે. ઈસુ ખ્રિસ્ત દ્વારા તારણનો સંદેશો હજારો લોકોએ સાંભળ્યો છે. આજે, હું વિવિધ દેશોમાં સેવાકાર્ય માટે અસંખ્ય આમંત્રણો પ્રાપ્ત કરું છું, પરંતુ તે બધાને સ્વીકારવાનો મારી પાસે સમય નથી. આટલે સુધી ઈશ્વરે મને મારા જીવનમાં આશીર્વાદિત કર્યો છે.

વહાલા વાંચકો, પ્રભુ ઈસુ ખ્રિસ્ત જેમની હું સેવા કરું છું તેઓ એક ખરા ઈશ્વર છે. તેઓ માર્ગ, સત્ય તથા જીવન છે. તેમના પર ભરોસો રાખો. તેમને તમારું જીવન સમર્પિત કરો. જો તમને તેમની સેવા કરવા માટે તેડવામાં આવે છે, તો વિશ્વાસમાં આગળ વધો. તેઓ તમને અદ્‌ભૂત માર્ગોમાં દોરશે અને તમને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરશે.

**"તેણે ખડકમાંથી સરોવર કર્યું, અને ચકમકમાંથી ઝરો બનાવ્યો."** (ગીતશાસ્ત્ર ૧૧૪:૮).

************

(પાન ૬ પરથી આગળ...)

યાદ અપાવે છે; તેઓ પાછા જીવતાં થશે. દરેક મૃત પરિસ્થિતિમાં જીવન બોલશે, કેમ કે તે ઈસુ ખ્રિસ્તના જન્મનું વચન છે.

હઝકિયેલે સૂકા હાડકાંથી ભરેલી ખીણનું દર્શન જોયું હતું. જ્યારે ઈશ્વરે તેને પ્રબોધ કરવાની આજ્ઞા આપી, ત્યારે હાડકાં એકબીજા સાથે જોડાઈ ગયા, તેમના પર માંસ આવ્યું, અને તેઓમાં શ્વાસોશ્વાસ આવ્યો, અને બહુ મોટું સૈન્ય બન્યું હતું. મૂએલામાંથી પાછા સજીવન થવું અને નવીકરણનું આ સામર્થ્યવાન દ્રશ્ય આપણને ખાતરી આપે છે કે ઘણી જ ઉજ્જડ અને નિર્જીવ પરિસ્થિતિઓમાં પણ ઈશ્વર નવી શરૂઆત સર્જી શકે છે.

ઠૂંઠામાંથી જડ ! તેઓ એવી બાબતોને અસ્તિત્વમાં લાવે છે જે હજી અસ્તિત્વમાં હોતી નથી. જેમ રોમનોને પત્ર જણાવે છે ૪:૧૭: **"દેવ જે મૂએલાંને સજીવન કરનાર છે, અને જે નથી તે જાણે કે હોય એવું પ્રગટ કરનાર છે."**

**"આપણા ઈશ્વર આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં, આપણે સારુ પુષ્કળ કરી શકે છે."** (એફેસીઓને પત્ર ૩:૨૦).

આશા ગુમાવશો નહિ! એક નવી શરૂઆત તમારી રાહ જોઈ રહી છે. જો તમે વિશ્વાસ કરશો, તો તમે ઈશ્વરનો મહિમા જોશો. તેમનામાં ભરોસો રાખો, કેમ કે ઈશ્વર મર્યાદિત નથી. જ્યારે આપણને પડકારોનો સામનો કરવો પડે છે જે અનિશ્ચિત લાગે છે, ત્યારે પણ તેઓ અશક્યને શક્ય કરવામાં સક્ષમ છે.

## T ખરો દ્રાક્ષાવેલો!

### 5. THE TRUE VINE!

ઈસુ ખ્રિસ્ત, ખરો દ્રાક્ષાવેલો, આપણને પુષ્કળ જીવન જીવવા અને ઈશ્વરના મહિમા



*છે, એમાં પિતાને મહિમા મળે છે.*

માટે ફળ આપવા માટે સક્ષમ બનાવે છે. આપણે ફળદાયી થઈને તે માટે તેમના પર આધાર રાખવો જોઈએ. ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યા જેથી આપણે ઈશ્વરના બાળકો બની શકીએ અને તેમના રાજ્ય માટે ફળ આપી શકીએ. **તેમનાથી નિરાળા રહીને, આપણે કંઈ કરી શકતા નથી.** (યોહાન ૧૫:૫).

ડાળી ફળદાયીત્વ, વૃદ્ધિ અને વિપુલતાનું પ્રતીક છે. ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ તરીકે, આપણને ફળ આપવા માટે તેડવામાં આવ્યા છે, જેથી આકાશમાં પિતાનો મહિમા થઈ શકે. ઈસુ ખ્રિસ્તે તેમના શિષ્યોને શીખવ્યું કે તેઓ ખરો દ્રાક્ષાવેલો છે, અને તેઓ ડાળીઓ છે. તેમણે તેમને તેમનામાં રહેવાનું પ્રોત્સાહન આપ્યું હતું, તેમનામાં રહ્યા વિના, તેઓ કંઈ કરી શકશે નહિ. જેઓ તેમનામાં રહેશે, તેઓ ઘણા ફળ આપશે, અને પિતાને મહિમા મળશે. (યોહાન ૧૫).

આ સત્ય સીધા જ ઈસુ ખ્રિસ્ત, ખરા દ્રાક્ષાવેલા પર નિર્ભરતા દ્વારા વૃદ્ધિને અને ફળદાયીત્વના વિચારને પ્રતિબિંબિત કરે છે.

તે મારી પ્રાર્થના છે કે તમે યશાયા ૧૧:૧ પર મનન કરો, ઈશ્વર તમારા જીવનમાં, તમારા પરિવારમાં, તમારા સેવાકાર્યમાં અને તમારા કાર્યસ્થળમાં એક નવી જડ ઉગાડશે. આ નાની પણ નોંધપાત્ર જડ પરિવર્તન અને નવીકરણ લાવશે.

આ વર્ષે તમારા જીવનમાં જડ મૂળ લેવાની આ નવી શરૂઆત માટે હું પ્રાર્થના કરું છું. આવો તમે બધા આશાના સ્રોત પર ભરોસો કરી શકો, જે દરેક ખોટને પુનઃસ્થાપિત કરે છે અને રાખમાંથી સુંદરતા લાવે છે. તે પુનઃ સ્થાપનાના ઈશ્વર છે, જેઓ નવી શરૂઆત માટે દ્વારો ઉઘાડે છે!

હું પ્રાર્થના કરું છું કે આ વર્ષ તમારા જીવનના દરેક ક્ષેત્રમાં નવીકરણ અને ફળદાયીત્વનું વર્ષ હશે. જ્યારે તમે તેમનામાં જોડાયેલા રહો છો, તમે વધતા રહો છો, વૃદ્ધિ પામો છો અને વિપુલતાનો અનુભવ કરી શકો છો. તેમના પર ભરોસો રાખો, અને તમે ઘણા ફળ આપશો, પિતાને માટે મહિમા લાવશો.

* * * * * *


## તાકીદની જરૂરિયાત

**ઈકો ઓફ હીઝ કોલ ઝડપી ગતિએ વિસ્તરી રહ્યું છે. અમને નીચેની જગ્યાઓ માટે મિશનના સેવાકાર્યના મનો સાથે, સમર્પિત અને વિશ્વાસુ પુરૂષો અને મહિલા ઉમેદવારોની જરૂર છે:**

- ➪ અમારા મુખ્ય ચર્ચ માટે પૂર્ણ સમયના સહાયક પાળકો
- ➪ ચેન્નાઈમાંના અમારા શાખા ચર્ચો માટે પૂર્ણ સમયના સહાયક પાળકો
- ➪ પૂર્ણ સમય માટે સુરક્ષા કર્મચારીઓ
- ➪ ડીટીપી ઓપરેટર્સ અને ટાઈપિસ્ટ
- ➪ અંગ્રેજી અને અન્ય ભાષાઓ બોલવામાં અને લખવામાં નિપુણતા ધરાવનાર
- ➪ વહીવટમાં રસ ધરાવતા કાર્યાલયીન સંચાલકો, ઓફિસ મેનેજરો
- ➪ પૂર્ણ સમય માટે બાઈબલ કોલેજ વ્યાખ્યાતાઓ
- ➪ સ્વયંસેવકો કે જેઓ અમારા સેવાકાર્યને પ્રોત્સાહન આપી શકે છે
- ➪ પૂર્ણ સમય માટે વાહન ચાલકો
- ➪ મેટ્રિક્યુલેશન શાળા માટે આચાર્ય અને શિક્ષકો
- ➪ પૂર્ણ સમય માટે રસોઈયો (સ્ત્રી)
- ➪ સંપૂર્ણ સમય માટે હાઉસકીપિંગ કર્મચારીઓ

**લાયકાત અને અનુભવના આધારે પગાર**

**ઈકો ઓફ હીઝ કોલ ઓફીસ અરજી કરશો**
**વોટ્સએપ નંબર : 98412 71858**
**ઈમેલ : sam@echoofhiscall.org**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

**– સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**અમારૂં સરનામું ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 17th MARCH 2025**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**